<u>વર્ષ ૨૦૧૯-૨૦ નવી બાબત</u>

**રાજ્યના આદિજાતિ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે જી.પી.એસ.સી. કોચિંગ યોજના હેઠળ જી.પી.એસ.સી. પરીક્ષાના તાલીમ વર્ગો શરૂ કરવા અંગે.**

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંક: VKY-102019-410-P**

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૨/૦૮/૨૦૧૯

<u>વંચાણે લીધા</u> :-

(૧) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડિ-સેગ) ગાંધીનગરનો પત્ર ક્રમાંક:VKY/2018/2453/DSAG/

(૨) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડિ-સેગ) ગાંધીનગરનો તા. ૨૫/૦૬/૨૦૧૯ નો પત્ર ક્રમાંક:VKY/2018/2453/DSAG/1798-1800.

<u>પ્રસ્તાવના</u> :-

રાજ્યના આદિજાતિ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે ઉક્ત યોજના અંતર્ગત ચાલુ વર્ષમાં જી.પી.એસ.સી.ની પરીક્ષાની તૈયારી માટે નામાંકિત કોચિંગ સંસ્થા મારફતે વર્ગો શરૂ કરવામાં આવશે તથા સદરહું તાલીમ વિનામૂલ્યે, સરકારી આર્થિક સહાયથી પૂરી પાડવામાં આવશે. આ યોજનાનો આશય આદિજાતિના વિદ્યાર્થીઓને GAS/GPS તથા વર્ગ-૧ અને વર્ગ-૨ના પદ પર વધુમાં વધુ યુવાનો ઉતીર્ણ થાય અને સમાજના મુખ્ય પ્રવાહ સાથે જોડાય તેવો છે. ઉક્ત યોજનાનું અમલીકરણ કરવા બાબતે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલેપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત દ્વારા ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૨)ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબતે રૂ.૫૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા પાંચસો લાખ પુરા)ની નવી બાબતની વર્ષ ૨૦૧૯-૨૦ માં કરવામાં આવેલ જોગવાઇને વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:-

પુખ્ત વિચારણાને અંતે રાજ્યના આદિજાતિ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે ઉક્ત યોજના અંતર્ગત ચાલુ વર્ષમાં આશરે ૬૦૦ જેટલા વિદ્યાર્થીને જી.પી.એસ.સી.ની પરીક્ષાની તૈયારી માટે

નામાંકિત કોચિંગ સંસ્થા મારફતે વર્ગો શરૂ કરવાની નવી બાબત માટે વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૫૦૦.૦૦/-લાખ (અંકે રૂપિયા પાંચસો લાખ પુરા)ની જોગવાઇને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**<u>શરતોઃ-</u>**

૧. આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આઇ.ટી.સંબધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખત્તની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

૯. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. આ યોજના અન્વયે મંજુર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજૂ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૧૯-૨૦ નાં અંદાજપત્રમાં માંગણી ક્રમાંક : ૯૬ આયોજન, મુખ્ય સદર : ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ,

પેટા મુખ્ય સદર: ૦૨અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬- આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર: જી.પી.એસ.સી.ના અનાવર્તક ખર્ચ હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૦૯/૦૮/૨૦૧૯ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિપુલ રાઠવા)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલેપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ
- સિલેકટ ફાઇલ.
- પત્ર મારફત.